**અગ્રતા ક્રમ:** **૧૩**

**<u>વિભાગ:</u>** શિક્ષણ વિભાગ

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:** ૧૫/૪/૧૧૮૭

વિધાનસભા ગૃહમાં જવાબ
આપવાની તારીખ: **૧૨/૦૨/૨૦૨૪**

**પંદરમી ગુજરાત વિધાનસભા**

**<u>ચોથું સત્ર</u>**

**પ્રશ્ન શિર્ષક:** શિક્ષક યોગ્યતા કસોટી ટેટ–૧ યોજવા બાબત

**પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ**
**તથા તેમનો મત વિસ્તાર:** શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા
(સોમનાથ)

# 13

શિક્ષક યોગ્યતા કસોટી ટેટ-૧ યોજવા બાબત

***15/4/1187: શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ):**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૧/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૩૦૪(અગ્રતા-૧૧૫) ના અનુસંધાને માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | રાજય પરીક્ષા બોર્ડના તા.૧૭/૧૦/૨૦૨૨ના જાહેરનામાથી ટેટ-૧ પરીક્ષાના આવેદનપત્રો ભરાયેલ તે અન્વયે પરીક્ષા સભંવિત માસ મે/જુન-૨૦૨૩માં લેવાનું આયોજન હતું તે પરીક્ષા તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કયારે લેવામાં આવી, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લે ટેટ-૧ પરીક્ષા તા.૧૬/૦૪/૨૦૨૩ના રોજ લેવામાં આવેલ છે. |
| (૨) | ઉક્ત પરીક્ષામાં કેટલા પરીક્ષાર્થીઓએ ભાગ લીધો, તે પૈકી કેટલી પરીક્ષાર્થીઓ પાસ જાહેર થયા, | (૨) | ઉક્ત પરીક્ષામાં કુલ ૭૩,૨૭૧ પરીક્ષાર્થીઓએ ભાગ લીધો હતો, જે પૈકી ૨,૭૬૯ પરીક્ષાર્થીઓ પાસ જાહેર થયા. |
| (3) | ઉક્ત પાસ જાહેર થયેલ ઉમેદવારો પૈકી કેટલાને નોકરી અંગેના નિમણૂંકો પત્રો આપવામાં આવ્યા? | (3) | શૂન્ય. |

---------------------

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૧૮૭** (૧૩)

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા(સોમનાથ)**

**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી પ્રવિણભાઇ માળી (ડીસા)**

---

**પ્રશ્ન-(૧) વિદ્યાસહાયકની નિમણૂંક કરવા અંગેની કાર્યપદ્ધતિ શું છે? તથા રાજ્યમાં આવેલ સરકારી પ્રાથમિક શાળાઓમાં છેલ્લે ક્યારે અને કેટલી ભરતી કરવામાં આવી ?**

**જવાબ :**

- શિક્ષણ વિભાગ દ્વારા ખાલી જગ્યાઓ ભરવાની મંજુરી મળ્યેથી સૌપ્રથમ જિલ્લા કક્ષાએથી ખાલી જગ્યાઓ મેળવી મંજુર થયેલ જગ્યાઓને ધ્યાને લઈ જિલ્લાવાર સપ્રમાણ ભરવાની થતી જગ્યાઓની ફાળવણી કરવામાં આવે છે.
- ત્યાર બાદ, માંગણાપત્રક મેળવી કેટેગરીવાર જગ્યાઓ નિયત થયા બાદ વર્તમાન પત્રોમાં જાહેરાત આપવામાં આવે છે.
- ત્યારબાદ, ઓનલાઈન વેબપોર્ટલના માધ્યમથી ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.
- મળેલ અરજીઓનાં આધારે સૌપ્રથમ કામચલાઉ મેરીટ યાદી ઓનલાઈન વેબપોર્ટલ પર પ્રસિદ્ધ કરવામાં આવે છે.
- કામચલાઉ મેરીટ યાદીનાં સંદર્ભે મળેલ વાંધા અરજીઓની ચકાસણી પ્રક્રિયા હાથ ધર્યા બાદ અંતિમ મેરીટ યાદી પ્રસિદ્ધ કરવામાં આવે છે.
- મેરીટમાં આવતા ઉમેદવારોને ઓનલાઈન વેબપોર્ટલના માધ્યમથી કોલ લેટર આપી જિલ્લા પસંદગી તેમજ ડોક્યુમેન્ટ વેરીફિકેશન માટે રૂબરૂ બોલાવવામાં આવે છે.
- તમામ જગ્યાઓ પર જિલ્લા પસંદગી થયા બાદ જિલ્લા કક્ષાએ મેરીટ આધારીત શાળા પસંદગી અને નિમણૂંક હુકમ આપવામાં આવે છે.
- વિદ્યા સહાયકોની નિમણૂંક અંગેની કાર્યવાહી વર્ષ ૨૦૧૦થી ઓનલાઈન વેબપોર્ટલનાં માધ્યમથી સુચારૂ રૂપે તેમજ સંપૂર્ણ પારદર્શિતાથી હાથ ધરવામાં આવે છે.

શિક્ષણ વિભાગ દ્વારા તા.૧૪/૦૯/૨૦૨૨નાં પત્રથી કુલ ૨૬૦૦ વિદ્યાસહાયકોની જગ્યાઓ ભરવા અંગે મંજૂરી આપેલ જે ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવેલ છે.

જેમાં શિક્ષક યોગ્યતા કસોટી (ટેટ-૧) ઉતીર્ણ થયેલ ઉમેદવારો માટે **ધોરણ ૧ થી ૫ ની ૧૦૦૦ જગ્યાઓ** તેમજ શિક્ષક યોગ્યતા કસોટી (ટેટ-૨) ઉતીર્ણ થયેલ ઉમેદવારો માટે **ધોરણ ૬ થી ૮ની ૧૬૦૦ જગ્યાઓની** ભરતી પ્રક્રિયા ડિસેમ્બર ૨૦૨૩ માં પૂર્ણ કરવામાં આવેલ છે. **જેમાં ૨૪૩૦ વિદ્યાસહાયક શાળા કક્ષાએ હાજર થયેલ છે.**

૧૩

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૧૮૭**

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા(સોમનાથ)**

**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી કમલેશ પટેલ (પેટલાદ)**

---

**પ્રશ્ન–** શિક્ષક યોગ્યતા કસોટી ટેટ–૧ અત્યાર સુધી કેટલી વાર યોજાઈ અને ત્યાર બાદ ક્યારે અને કેટલી ભરતી કરવામાં આવી ?

**જવાબ :**

| ટેટ–૧ પરીક્ષાની તારીખ | ટેટ–૧ પરીક્ષામાં ભાગ લીધેલ ઉમેદવારો | ટેટ–૧ પરીક્ષામાં ઉતિર્ણ થયેલ ઉમેદવાર | ભરતીની જાહેરાતની તારીખ | જાહેરાતની જગ્યા | ભરાયેલ જગ્યા |
|---|---|---|---|---|---|
| ૧૦–૦૬–૨૦૧૨ | ૧૨૬૦૨૫ | ૪૦૨૯ | ૧૫–૦૨–૨૦૧૪ | ૨૦૦૦ | ૧૯૪૦ |
| | | | ૨૫–૦૭–૨૦૧૪ | ૩૮૦ | ૧૧ |
| ૦૩–૦૮–૨૦૧૪ | ૧૦૮૬૫૫ | ૧૦૮૧૫ | ૨૨–૧૦–૨૦૧૪ | ૧૦૫૭ | ૧૦૫૭ |
| | | | ૧૩–૦૬–૨૦૧૫ | ૨૩૨ | ૨૩૨ |
| | | | ૨૬–૦૬–૨૦૧૫ | ૬૮૮ | ૬૮૮ |
| ૨૩–૦૮–૨૦૧૫ | ૯૫૬૮૦ | ૧૫૪૪૧ | ૨૨–૦૯–૨૦૧૫ | ૧૧૧ | ૫૭ |
| | | | ૦૧–૦૧–૨૦૧૬ | ૩૧૨ | ૧૧૨ |
| | | | ૦૧–૦૯–૨૦૧૭ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| જાન્યુઆરી ૨૦૧૮ | ૭૫૮૩૨ | ૬૩૪૧ | ૧૩–૦૬–૨૦૧૮ | ૫૪૨ | ૧૫૯ |
| | | | ૩૦–૦૩–૨૦૨૧ | ૩૮૫ | ૩૩ |
| | | | ૨૬–૦૧–૨૦૨૨ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| | | | ૧૦–૧૦–૨૦૨૨ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **કુલ** | **૪૦૬૧૯૨** | **૩૬૬૨૬** | **કુલ** | **૯૩૦૭** | **૭૮૮૯** |

**અગ્રતા ક્રમઃ– (૧૩)**

**શ્રી પ્રવિણભાઇ માળી (ડીસા)**

**શ્રી કમલેશ પટેલ (પેટલાદ)**

અગ્રતા ક્રમઃ- (૧૨)

(૧) શ્રી સંજય કોરડીયા (જુનાગઢ)

(૨) ડૉ પ્રદ્યુમનભાઈ વાજા (કોડીનાર)

અગ્રતા ક્રમઃ- (૧૬)

(૧) શ્રી મોહનભાઈ ઢોડિયા(મહુવા)

(૨) શ્રી મોહનભાઈ કોંકણી (વ્યારા)

(૩) શ્રી જયરામભાઈ ગામીત (નિઝર)

અગ્રતા ક્રમઃ- (૨૩)

(૧) શ્રી અરવિંદભાઈ પટેલ (ધરમપુર)

(૨) શ્રી અભેસિંહ તડવી (સંખેડા)

(૩) શ્રી કનૈયાલાલ કિશોરી (દાહોદ)

અગ્રતા ક્રમઃ- (૨૭)

(૧) શ્રી મહેશભાઈ કસવાલા (સાવરકુંડલા)

(૨) શ્રી દિવ્યેશ અકબરી (જામનગર દક્ષિણ)

(૩) શ્રીમતી રીવાબા જાડેજા (જામનગર ઉત્તર)